सत्य मेव जयते

| | |
|---|---|
| રજુ કર્યા તારીખ | |
| દાખલ કર્યા તારીખ | |
| ફેંસલ કર્યા તારીખ | ૩૧–૦૭– ૨૦૧૮ |
| સમય ગાળો : | વર્ષ – માસ – દિવસ |
| | – – |

આંક : _____

**અમદાવાદના મહે.એડિ.ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ (કોર્ટ નં.૨૦)**
**શ્રી પી.એમ. ઉનડકટ સાહેબની અદાલતમાં, મુ. અમદાવાદ**
**ફોજદારી કેસ નંબર : ૨૦૦૦૦૭૯/૦૬**

**ફરિયાદી** : **શ્રી સરકાર**

– : વિરૂઘ્ઘ : –

**આરોપીઓ** : (૧) આનંદભાઈ રમેશભાઈ ચુનારા, ઉ.૩૦,
રહે. : મંગળ તળાવના છાપરામા,વાસણા
(૨) રમેશભાઈ ચીમનભાઈ ચુનારા, ઉ.વ.પર,
રહે. : વસ્ત્રાપુર ક્રોસીંગ પાસે, સેટેલાઈટ

**ગુનો** : આઈ.પી.સી.કલમ :૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૧)
તથા ૧૧૪ મુજબ

---

ફરિયાદપક્ષે ... ... વિદ્વાન એ.પી.પી. શ્રી એચ. એસ. પરમાર
બચાવ પક્ષે ... ... વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી યુ.બી.તમાયચે

## // ચુકાદો //

।૧। ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના ફરિયાદીએ અગાઉ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપેલી જે ફરિયાદ પાછી ખેંચી લેવા માટે આરોપીઓએ ફરિયાદીને દબાણ કરી, જો પાછી નહીં ખેંચે તો હાથ પગ તોડી જાનથી ખલાસ કરી દઈશું તેવી ધમકી આપી, નં. (૧) નાએ ફરિ. ને લાફા મારી, બિભત્સ ગાળો બોલી, સદર ગુનામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ જે અંગેની હાલની ફરિયાદ, ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ વેજલપુર પો. સ્ટેશનમાં આપતાં વેજલપુર પો. સ્ટે. સે. ગુના રજી. નંબર : ૩૦૦૮/૦૬ થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩, ૨૯૪ (ખ),૫૦૬(૧), ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૧૭૩ (૨) અન્વયેનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે આરોપી ઓ વિરૂધ્ધનું કોર્ટમાં રજુ રાખેલ છે.

।૨। આરોપીઓને સમન્સની બજવણી થતાં આરોપીઓ તેમના વિધ્વાન વકીલશ્રીનાઓ મારફતે હાજર થયેલા. બાદ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલ આરોપીઓને વિના મુલ્યે પુરી પાડી આંક : ૨ થી આરોપીઓ સામે તહોમત નામું ફરમાવી, આંક : ૩ થી તેઓનું નિવેદન લેવામાં આવેલ જેમા તેમણે ગુનાનો ઈન્કાર કરેલ છે. બાદ ફરિયાદપક્ષે વિશેષ પુરાવો શરૂ થાય તે પહેલાં આ કામ ના પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ જતા તેઓએ આંક : ૧૪ થી સમાધાન પુરસીસ રજુ રાખેલ છે. જે અન્વયે ઈ.પી.કો.કલમ : ૩૨૩, ૫૦૬ (૧) મુજબના ગુનામાં ક્રિમીનલ પ્રોસી. કોડની કલમ : ૩૨૦ (૧) (૮)

અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો અને બાકી રહેતા ગુનાઓ પુરતો કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે. બાદ ફરિયાદપક્ષે પુરાવો લેવામાં આવેલ છે.

।૩। ફરીયાદપક્ષે આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદી રમીલાબેન રાજુભાઈની જુબાની | ૧૫ |

**દસ્તાવેજી પુરાવો :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ | ૧૬ |
| (૨) | પુરાવા બંધની પુરસીસ | ૧૭ |

।૪। ફરીયાદપક્ષે ફરિયાદીની આંક : ૧૭ ની પુરાવા બંધની પુરસીસ આધારે તથા વિધ્વાન સરકારી વકીલશ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આરોપીઓને ગુનામાં સાંકળતો પુરાવો જણાતો ન હોઈ ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. બાદ ફરીયાદપક્ષે સરકારી વકીલ શ્રી આર.એસ.પરમારને તથા બચાવપક્ષે વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી યુ.બી. તમાયચેને સાંભળ્યા.

।૫। ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટેના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દા નંબર : ૧ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, બનાવની તારીખે,સમયે અને સ્થળે આ કામના ફરિયાદીએ અગાઉ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપેલી જે ફરિયાદ પાછી ખેંચી લેવા માટે આરોપીઓએ ફરિયાદીને દબાણ કરી, જો પાછી નહીં ખેંચે તો હાથ પગ તોડી જાનથી ખલાસ કરી દઈશું તેવી ધમકી આપી, નં. (૧) નાએ ફરિ. ને લાફા મારી, બિભત્સ ગાળો બોલી, સદર ગુનામાં આરોપી ઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કરી,ભારતીય દંડ સંહિતા ની કલમ : ૨૯૪ (ખ), ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નંબર : ૨ શું હુકમ ?

।૬। ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે જણાવેલ કારણો મુજબ આ પ્રમાણે છે.

મુદ્દા નંબર : ૧ નકારમાં,

મુદ્દા નંબર : ૨ આખરી હુકમ મુજબ.

## // <u>કારણો</u> //

।૭। આરોપી નં. ૨-૩ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ : ૨૯૪

(ખ), ૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ : ૧૦૧ અન્વયે આરોપી નં. ૨–૩ વિરૂધ્ધ આક્ષેપિત ગુનો નિ:શંક પણે પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલ છે. જે સિધ્ધાંતને લક્ષમાં રાખી સદર કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ કરેલ છે.

**<u>મુદ્દા નંબર ૧</u> :–**

।૮। સદર કેસમાં ફરિયાદપક્ષના પુરાવાની ચર્ચા કરીએ તે પહેલા રેકર્ડ ઉપરની હકીકત જોઈએ તો આ કામમાં પુરાવો શરૂ થાય તે પહેલા આરોપી ઓને ફરિયાદી સાથે આંક : ૧૪ થી રાજીખુશીથી સમાધાન થઈ જતા સમાધાન પુરસીસ મુકેલી છે. જયારે આંક : ૧૫ થી ફરિયાદી રમીલાબેન રાજુભાઈ પુરાવો આપે છે કે, બનાવ ૨૦૦૬ મા બનેલો. તે વખતે આરોપીઓએ તેને રસ્તામા ઉભી રાખી અગાઉ કેસ કરેલ તેમા કાલે મુદૃત છે તો કેસ પાછો ખેંચી લેજે તેમ કહી તેની સાથે ઝઘડો કરી નં. ૧ નાએ તેને લાફો મારી દીધેલો. જેથી આરોપીઓ વિરૂધ્ધ તેણે વેજલપુર પો.સ્ટે. મા ફરિયાદ આપેલી જે ફરિયાદમાં પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવી આંક : ૧૬ થી રજુ રાખી આરોપીઓ સાથે તેને રાાજીખુશીથી સમાધાન થઈ ગયાનું સ્વીકારી બનાવ વખતે આરોપીએ તેને કોઈ ગાળો બોલેલ નથી તેમ જણાવે છે. મજકુર ફરિયાદી ફરિયાદ હકીકત ને સમર્થન કરતા ન હોય, તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસ કરાતા તેમાંથી કોઈ સમર્થન મળે તેવો પુરાવો ફરિયાદપક્ષને મળેલો નથી જયારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં તેઓને રાજીખુશીથી સમાધાન થઈ ગયાનું

અને આરોપીઓએ કોઈ ગાળો આપેલ ન હોવાનું તથા લાફો મારેલ ન હોવાનું જણાવે છે.

।૯।          આમ, ઉપરોકત ફરિયાદીનો પુરાવો જોતા બનાવ સમયે ફરિયાદી તેના ઘર પાસેથી નીકળતા આરોપીઓએ તેને રસ્તામા રોકી અગાઉ કરેલા કેસની કાલે મુદૃત છે તો કેસ પાછો ખેંચી લેજે તે બાબતે તેની સાથે સામાન્ય બોલાચાલી કરેલી જેથી ફરિયાદીએ આરોપીઓ વિરૂઘ્ધ ફરિયાદ આપેલી. આરોપીઓએ ફરિ. બેનને કોઈ ગાળો આપી માર મારેલો હોય તેવું બનેલ ન હોવાનું જણાવતા હોય, આરોપીઓ સામે આક્ષેપીત ગુનો પુરવાર થતો નથી. વળી પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય, વિશેષ પુરાવો ન લેતા આરોપીઓને દોષમુકત ઠરાવી છોડી મુકવાનું ન્યાયોચિત જણાતું હોય, મુદૃા નંબર ૧ નકારમાં ઠરાવી મુદૃા નંબર : ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // **આ ખ રી હુકમ** //

:૧:          આ કામના આરોપીઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ : ૨૯૪ (ખ), ૧૧૪ મુજબનાં આક્ષેપિત ગુનાના તહોમતમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૨૪૮ (૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

:૨:          આ હુકમ સામે અપીલ અદાલતમાં હાજર રહેવા અંગે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૩૭(એ) મુજબ હાલના આરોપીએ

રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ રાખવા.

આ ઠરાવ આજ તારીખ : ૩૧ મી, માહે : જુલાઈ, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૧–૦૭–૨૦૧૮
અમદાવાદ

(**પી.એમ. ઉનડકટ**)
GJ00716
એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર ૨૦, અમદાવાદ

*M.M.DEVANI., P.A.*